Inland Revenue
Te Tari Taake

# વ્યક્તિઓ

Ngā Hunga Takitahi (ન્ગા હુન્ગા ટાકિટાહી)

IR1097 | સપ્ટેમ્બર 2024

તથ્યપત્ર

# ન્યુઝીલેન્ડ કર નિવાસ – નવા માઇગ્રન્ટ્સ

**આ માહિતી પત્રક નવા માઇગ્રન્ટ્સને સ્થળાંતર કરનારાઓ માટે સંબંધિત ન્યુઝીલેન્ડ ટેક્સ રેસિડેન્સ નિયમોને સમજાવે છે. તે એ પણ સમજાવે છે કે ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડની સાથે પોતાની કાયમી નિવાસી વિઝા અરજી માટે તમારા કર નિવાસીની સ્થિતિની પુષ્ટિ કરતી વખતે તમારે ઇનલેન્ડ રેવેન્યુને શું પૂરું પાડવાનું રહે છે.**

## જો તમે ન્યુઝીલેન્ડ કર નિવાસી છો

1. સામાન્ય રીતે, જો તમે ન્યુઝીલેન્ડના કર નિવાસી હોવ તો તમે તમારી વિશ્વવ્યાપી આવક પર ન્યુઝીલેન્ડમાં કર ચૂકવવો આવશ્યક છે.

2. કર નિવાસ એ વાતથી પણ સંબંધિત છે કે શું તમે વર્કિંગ ફોર ફેમિલિઝ ટેક્સ ક્રેડિટ્સ પ્રાપ્ત કરવામાં સક્ષમ છો કે નહીં, જેમાં બેસ્ટ સ્ટાર્ટનો સમાવેશ થાય છે (નવજાત શિશુ ધરાવતા પરિવારો માટે ચુકવણી). અન્ય જરૂરિયાતો પણ પૂરી કરવી આવશ્યક છે, જેમાં તમે હંગામી પ્રવેશ વર્ગ વિઝા પર ન્યુઝીલેન્ડમાં નથી તેનો સમાવેશ થાય છે.

3. નવા માઇગ્રન્ટ્સ મોટા ભાગના પ્રકારની વિદેશી આવક પર હંગામી કર છૂટ પ્રાપ્ત કરવા સક્ષમ બની શકે છે. આ હંગામી છૂટ લગભગ 4 વર્ષ સુધી ચાલે છે.

4. જો તમે હંગામી કર છૂટનો ઉપયોગ કરો છો તો તમે અને તમારા જીવનસાથી/સાથીદાર વર્કિંગ ફોર ફેમિલિઝ ટેક્સ ક્રેડિટ્સ (બેસ્ટ સ્ટાર્ટ સહિત) પ્રાપ્ત કરી શકે નહીં. જો તમારામાંથી કોઇ પણ વર્કિંગ ફોર ફેમિલિઝ ટેક્સ ક્રેડિટ્સ માટે અરજી કરે છે તો તમે હંગામી કર છૂટ ગુમાવશો. તમે આવુ કરો ત્યાર પછી તમારો વિચાર બદલી શકો નહીં.

## તમે ક્યારે ન્યુઝીલેન્ડમાં ટેક્સ રેસિડેન્ટ બનો છો

5. તમે ન્યુઝીલેન્ડ કર નિવાસી બનશો, જો તમેઃ

   - ન્યુઝીલેન્ડમાં 12-મહિનાની અવધિમાં **183 દિવસથી વધુ સમય** સુધી રહો છો, અથવા
   - ન્યુઝીલેન્ડમાં **સ્થાયી રહેઠાણ સ્થળ** ધરાવો છો.

### 183-દિવસનો નિયમ

6. ન્યુઝીલેન્ડમાં મોટા ભાગના નવા માઇગ્રન્ટ્સ 183-દિવસના નિયમ હેઠળ ન્યુઝીલેન્ડમાં કર નિવાસી બનશે. આ એટલા માટે છે કારણ કે તમે એક વખત 12 મહિનાની અવધિમાં 183-દિવસથી વધુ સમય સુધી ન્યુઝીલેન્ડમાં રહો છો ત્યાર પછી તમારો કર નિવાસ પ્રથમ દિવસથી શરૂ થાય છે.

7. જો તમે 183-દિવસના નિયમ માટે ગણવામાં આવતા પ્રથમ દિવસ પહેલા ન્યુઝીલેન્ડમાં રહેઠાણનું કાયમી સ્થળ ધરાવતા હોવ તો તમારો કર નિવાસ વહેલો શરૂ થઇ શકે છે ([9] નંબરથી જુઓ).

8. તમારો કર નિવાસ 183 દિવસના પ્રથમ દિવસથી શરૂ થતો હોવાને લીધે, તમે અહીં આવ્યા હોવ તે પહેલાની તારીખથી ન્યુઝીલેન્ડમાં કર નિવાસી બની શકો છો. ઉદાહરણ તરીકે, જો તમે ન્યુઝીલેન્ડમાં રજા માણવા આવ્યા હોવ અથવા અહીં આવતા પહેલા નોકરીનાં ઇન્ટરવ્યુ માટે આવ્યા હોવ તો આ થઇ શકે છે.

### ન્યુઝીલેન્ડમાં રહેઠાણનું કાયમી સ્થળ ધરાવતા હોવ

9. બીજી રીતે તમે ન્યુઝીલેન્ડમાં કરના રહેવાસી બની શકો છો તે અહીં કાયમી નિવાસસ્થાન રાખવાનું છે.

10. જો તમે ન્યુઝીલેન્ડમાં ઘર કે એપાર્ટમેન્ટ અથવા કોઇ રહેઠાણનું અન્ય સ્થળ (આવાસ) ધરાવતા હોવ, જ્યાં તમે આદત અનુસાર અથવા સામાન્યપણે રહેતા હોવ તો તમે ન્યુઝીલેન્ડમાં કાયમી રહેઠાણનું સ્થળ ધરાવશો. તમારે ત્યાં હંમેશાં રહેવાની જરૂર નથી.

11. જો તમારી પાસે વિદેશમાં રહેઠાણનું કાયમી સ્થળ પણ હોય તો તેનાથી કોઇ ફરક પડશે નહીં. જ્યાં સુધી તમે ન્યુઝીલેન્ડમાં રહેઠાણનું કાયમી સ્થળ ધરાવતા હોવ ત્યાં સુધી તમે અહીંના કર નિવાસી રહેશો. તેના કોઇ ફરક પડતો નથી કે તમે ક્યાં સમય વધુ વિતાવો છો કે તમે કયા સ્થળને તમારું મુખ્ય ઘર ગણો છો.

12. તમારા કાયમી રહેઠાણનાં સ્થળ માટે તમારે કોઇ સંપત્તિના માલિક હોવાની જરૂર નથી. તે એવી કોઇ સંપત્તિ હોઇ શકે છે, જેને તમે ભાડે આપી હોય, કંપની કે ટ્રસ્ટમાં રાખતા હોવ, અથવા પરિવારના સભ્ય પાસે માલિકી હોય. ભાડા પરનું મકાન અથવા એપાર્ટમેન્ટ તમારું કાયમી રહેઠાણનુ સ્થળ હોઇ શકે છે, પછી ભલે તમે સામયિક ભાડુઆતપણું ધરાવતા હોવ (જે સ્થાયી-અવધિ માટે ન હોય).

13. તમે ન્યુઝીલેન્ડમાં કાયમી રહેઠાણનું સ્થળ ધરાવો છો કે કેમ તે નિર્ધારિત કરવામાં તમારા તમામ સંજોગો ધ્યાનમાં લેવા આવશ્યક છે. તેમાં સામેલ છેઃ

   - ન્યુઝીલેન્ડમાં અને ન્યુઝીલેન્ડથી દૂર તમે કેટલો સમય પસાર કર્યો છે અને
   - તમારા રહેઠાણનાં સ્થળ સાથેનું અને ન્યુઝીલેન્ડ સાથેનું તમારું એકંદર જોડાણ, જેમ કેઃ
     - તમારા આવાસનો ઉપયોગ,
     - તમારા ઇરાદા કયા છે (દા.ત. તમે ન્યુઝીલેન્ડમાં રહેવાની યોજના બનાવો છો કે તમે અહીં માત્ર હંગામી ધોરણે અહીં છો),
     - તમારા ન્યુઝીલેન્ડમાં કયા પારિવારિક અને સામાજિક જોડાણ છે (દા.ત. જો તમારા જીવનસાથી/સાથીદાર અને બાળકો ન્યુઝીલેન્ડમાં રહે છે, ન્યુઝીલેન્ડમાં ક્લબ્સ વગેરેની સભ્યતા),
     - શું તમે ન્યુઝીલેન્ડમાં કોઇ રોજગાર, કારોબાર હિત અથવા અન્ય આર્થિક જોડાણો ધરાવો છો, અને
     - તમારી વ્યક્તિગત સંપત્તિ ક્યાં આવેલી છે.

## તમે ક્યારે ન્યુઝીલેન્ડ કર નિવાસી બનવાનું બંધ કરો છો

14. તમે ન્યુઝીલેન્ડ કર નિવાસી બનવાનું બંધ કરશો, જો તમેઃ

- ન્યુઝીલેન્ડમાં કાયમી રહેઠાણનું સ્થળ ન ધરાવતા હોવ, અને
- તમે 12 મહિનાની અવધિમાં 325 દિવસથી વધુ સમય માટે ન્યુઝીલેન્ડથી દૂર રહ્યા છો.

15. જો તમે હજુ પણ ન્યુઝીલેન્ડમાં કાયમી રહેઠાણનું સ્થળ ધરાવો છો તો તમે હજુ પણ ન્યુઝીલેન્ડ કર નિવાસી બનશો, પછી ભલે તમે 325 દિવસથી વધુ સમય સુધી ન્યુઝીલેન્ડથી દૂર હોવ.

16. એક વખત તમે 12 મહિનાની અવધિમાં 325 દિવસથી વધુ સમય સુધી ન્યુઝીલેન્ડથી દૂર રહો છો તો, તમે ન્યુઝીલેન્ડમાં દૂર ગયા હોવ તે પ્રથમ દિવસથી બિન-કર નિવાસી બનો છો, જે ન્યુઝીલેન્ડમાં તમારી પાસે કાયમી રહેઠાણનું સ્થળ ન હોય તે શરતને આધિન છે.

## તમારા કાયમી નિવાસીના વિઝાની અરજી માટે તમારા કર નિવાસીની પુષ્ટિ

17. જ્યારે તમે કાયમી નિવાસીના વિઝા માટે અરજી કરો છો ત્યારે તમારે તમારી કર નિવાસ સ્થિતિની ઇનલેન્ડ રેવેન્યુ પાસેથી પુષ્ટિ મેળવવી આવશ્યક હોય છે. જો તમારે આને તાત્કાલિક જોઇતી હોય તો તમારે 0800 775 247 પર ફોન કરીને ઇનલેન્ડ ઓફિસ ખાતે એપોઇન્ટમેન્ટ લેવાની રહેશે.

18. જ્યારે તમે ઇનલેન્ડ રેવેન્યુમાં આવો છો ત્યારે તમારી સાથે નીચે જણાવેલા દસ્તાવેજો લાવોઃ

- કર નિવાસની સ્થિતિ (INZ 1006) ફોર્મની પુષ્ટિ
  *તમે ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડની વેબસાઇટ પર આ ફોર્મ મેળવી શકો છોઃ*
  **અરજી ફોર્મ્સ, માર્ગદર્શિકા, તપાસયાદી | ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડ**
- ફોટો આઇડી (ઓળખ કાર્ડ - પાસપોર્ટ)
- પૂર્ણ ભરેલ IR886 ફોર્મ
  *તમે આ ફોર્મ ઇનલેન્ડ રેવેન્યુની વેબસાઇટ પરથી મેળવી શકો છોઃ*
  **તમામ ફોર્મ્સ અને માર્ગદર્શિકાઓ જુઓ (ird.govt.nz)**
- પ્રવાસની ગતિવિધિ (આગમન અને પ્રસ્થાન તારીખો)
  *તમે 0508 558 855 પર કોલ કરીને ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડ પાસેથી આ ફોર્મ મેળવી શકો છો. ટર્નએરાઉન્ડ સમય 2 દિવસ સુધીનો હોઇ શકે છે.*

19. જો તમારી અરજી તાકીદની ન હોય તો તમે તમારા myIR એકાઉન્ટ પરથી મોકલેલા વેબ મેસેજ મારફતે તેને સબમિટ કરી શકો છો. તમારે ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડ પાસેથી INZ 1006 ફોર્મ અને તમારા પ્રવાસની ગતિવિધિના રેકોર્ડ્સ (આગમન અને પ્રસ્થાનની તારીખો) બિડવા આવશ્યક છે. તમે તમારી અરજીની પ્રક્રિયા કરવામાં અમારી સહાય કરવા માટે પૂર્ણ ભરેલ IR886 સામેલ પણ કરવાનું પણ પસંદ શકો છો.

20. તમારી કર નિવાસ સ્થિતિની ઇનલેન્ડ રેવેન્યુ પુષ્ટિ માટે તમારે જે માપદંડને પૂર્ણ કરવાના છે તે ન્યુઝીલેન્ડના કરના કાયદા હેઠળનાં માપદંડ છે, જે આ માહિતી પત્રકમાં વર્ણવવામાં આવ્યા છે. આ કર નિવાસની આવશ્યકતાઓ ઇમિગ્રેશન ન્યુઝીલેન્ડની અન્ય આવશ્યકતાઓથી અલગ છે.

21. તમે તમારા કર નિવાસ સ્થિતિની ઇનલેન્ડ રેવેન્યુ પુષ્ટિની વિનંતી કરો તે પહેલા તમારે સુનિશ્ચિત કરવું જોઇએ કે તમારા ન્યુઝીલેન્ડ કર રિટર્ન ફાઇલિંગ તાજેતરની છે અને તમારી તમામ આવક અમારી સમક્ષ જાહેર કરી છે, જેમાં વિદેશમાંથી થતી આવકનો પણ સમાવેશ થાય છે.

## ird.govt.nz

માહિતી માટે અને અમારી સેવાઓ તથા ટુલ્સનો ઉપયોગ કરવા માટે અમારી વેબસાઇટમાં જાઓ

- **તમારા કર અને અધિકારોને ઓનલાઇન સંચાલન કરવા માટે** myIR માટે લોગિન કરો અથવા રજિસ્ટર કરો.
- **પ્રદર્શનો** - શોર્ટ્સ વિડિયો જોઇને અમારી સેવાઓ વિશે જાણો.
- **તેને ઑનલાઇન કરાવો** - ફોર્મ્સ અને રિટર્ન્સ પૂર્ણ કરો, ચુકવણી કરો, અમને પ્રતિસાદ આપો.
- **આ કરો** - તમારો ટેક્સ કોડ તપાસવા, ફાઇલિંગ અને ચુકવણીની તારીખો શોધવા, તમારા સ્ટુડન્ટ લોનની પુનઃચુકવણીની ગણતરી કરવા માટે અમારા કેલ્ક્યુલેટર્સ, વર્કશીટ્સ અને ટુલ્સનો ઉપયોગ કરો.
- **ફોર્મ્સ અને માર્ગદર્શિકાઓ** - અમારી માર્ગદર્શિકાઓ અને ફોર્મ્સ ડાઉનલોડ કરો.

તમે ird.govt.nz/subscribe પર અમારા ન્યુઝલેટર્સ પણ સબસ્ક્રાઇબ પણ કરી શકો છો અને ટ્વીટર (વર્તમાન નામ છે X) પર @NZInlandRevenue પર અમને ફોલો કરી શકો છો.

Te Kāwanatanga o Aotearoa
New Zealand Government